# કપડવંજ: પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કરોડોના કૌભાંડમાં તપાસની માંગણી ઉઠી

**એક જ ફોટા** અને એક જ એફટીઓ નંબરનો ઉપયોગ કરી બોગસ લાભાર્થીઓને લાખો ચૂકવાયાનો આરોપ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજૂર થયેલા આવાસોમાં વ્યાપક ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની વિગતો સપાટી પર આવી છે.

કપડવંજ તાલુકાના ફતિયાબાદ, ગરોડ, ચિખલોડ, વડોલ, ભુતિયા, ગોચરના મુવાડા, આંત્રોલી, ભુંગળીયા અને બેટાવાડા સહિતના ગામોમાં છેલ્લા બે વર્ષમાં 4500 ઉપરાંત આવાસ મંજૂર કરવામાં આવ્યા છે. આ યોજના પાછળ સરકારી તિજોરીમાંથી 70 કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. પરંતુ સ્થાનિક કક્ષાએ આવાસ યોજનાના કર્મચારીઓએ સ્થાનિક આગેવાનો અને તલાટીઓ સાથે મેળાપીપણું કરીને ભયંકર આર્થિક ગેરરીતિઓ આચરી છે. જિયોટેગિંગના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને જૂના મકાનો અને ખુલ્લી જગ્યાઓના ફોટા પાડીને નાણાં હડપી લેવામાં આવ્યા છે. આ સમગ્ર કૌભાંડમાં ઓનલાઈન પોર્ટલ પર ગંભીર ચેડાં કરવામાં આવ્યા હોવાનું પણ ખુલ્યું છે. સરકારી નિયમ મુજબ દરેક લાભાર્થી માટે અલગ એફટીઓ તૈયાર કરવાના હોય છે પરંતુ અહીં અધિકારીઓએ જુદા જુદા લાભાર્થીઓને એક જ એફટીઓ મારફતે બારોબાર લાખો રૂપિયા ટ્રાન્સફર કરી દીધા છે. કેટલાક કિસ્સાઓમાં તો મકાન બન્યું જ ન હોવા છતાં જૂના મકાનો પાસે ઊભા રહી ફોટા પડાવી લેવાયા છે. એટલું જ નહીં પરંતુ કેમેરાના એંગલ બદલીને બારી દરવાજાની દિશાઓ ફેરવી એક જ મકાનને અલગ અલગ દર્શાવીને કૌભાંડ આચરવામાં આવ્યું છે.

### એક જ યુવકના ફોટા પર સાત લાભાર્થીને ચુકવણું

આંત્રોલી, ભુંગળીયા અને બેટાવાડા ગામમાં 7 અલગ અલગ લાભાર્થીઓના પ્લીન્થ લેવલના કામ માટે એક જ યુવકનો ફોટો અપલોડ કરાયો છે. આ ફોટામાં યુવકે એક જ સરખા કપડાં પહેર્યા છે અને પાછળની દિવાલ પણ એક જ સરખી દેખાય છે. એક જ ફોટો 7 વખત અપલોડ કરીને અંદાજે 5.10 લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે.

### ફતિયાબાદ અને ગરોડમાં ડુપ્લિકેટ એફટીઓનું તરકટ

ફતિયાબાદ ગામમાં ઈશ્વરભાઈ અને કૈલાશબેન નામના 2 અલગ લાભાર્થીઓ માટે એક જ એફટીઓ નંબરનો ઉપયોગ કરીને 80000 રૂપિયા ચૂકવી દેવાયા છે. ઈશ્વરભાઈના કિસ્સામાં તો જૂના મકાનનો ફોટો મુકાયો છે. આવી જ રીતે ગરોડ ગામમાં અલ્પેશકુમાર અને દશરથભાઈ નામના લાભાર્થીઓ માટે પણ એક જ એફટીઓ જનરેટ કરી 1.60 લાખ રૂપિયા બારોબાર સેરવી લેવાયા છે જ્યારે ડાભાયભાઈ નામના લાભાર્થીને જૂના મકાનના ફોટાના આધારે નાણાં ચૂકવાયા છે.

આ મામલે જિલ્લા વિકાસ અધિકારીને વિસ્તૃત અને પુરાવા સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

### ચારૂસેટમાં દેશી રમતો સાથે રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવાયો





ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીમાં હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે નેશનલ સ્પોર્ટ્સ ડે અને સ્પોર્ટ્સ ફેસ્ટિવલની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ‘સ્પોર્ટ્સ ફોર ઓલ’ અને શારીરિક સક્રિયતાના ઉદ્દેશ્ય સાથે આયોજિત આ ઉત્સવમાં ખો-ખો, કબડ્ડી, લંગડી અને ગીલ્લી ડંડા જેવી પરંપરાગત ભારતીય રમતો રમાડવામાં આવી હતી. આ રમતોત્સવમાં યુનિવર્સિટી પરિવારના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ, ૧૨૦થી વધુ સ્ટાફ મિત્રો અને ૮૦થી વધુ હાઉસકીપિંગ સ્ટાફ સહિત કુલ ૯૦૦થી વધુ સભ્યોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સફળ આયોજન દ્વારા ચારૂસેટે કેમ્પસમાં ‘દરેક માટે રમત, સ્વસ્થ જીવન અને આનંદમય કેમ્પસ’ના સંદેશને વધુ મજબૂત બનાવ્યો છે.

ભાઈને નિર્વંશ દર્શાવી ખોટું પેઢીનામું બનાવનાર સગા કાકા સહિત ૪ સામે ગુનો

# કાસોરમાં વડીલોપાર્જિત જમીન પચાવી પાડવાનું કૌભાંડ ઉજાગર

**કલેક્ટર કચેરીની** તપાસ બાદ સોજીત્રા પોલીસ મથકે છેતરપિંડી-ષડયંત્રની ફરિયાદ દાખલ

(પ્રતિનિધિ) આણંદ, તા.૧

સોજીત્રા તાલુકાના કાસોર ગામે વડીલોપાર્જિત કરોડો રૂપિયાની કિંમતી જમીનમાંથી ભત્રીજી અને ભાભીનો હક્ક કમી કરાવવા માટે સગા કાકાએ પંચો સાથે મળીને વર્ષ ૨૦૦૯માં ખોટું પેઢીનામું ઊભું કરી કૌભાંડ આચર્યું હોવાનો પર્દાફાશ થયો છે.

ફરિયાદ મુજબ બોરીયાવી ખાતે રહેતા સરોજબેન ઉર્ફે ટીનીબેનના પિતા મગનભાઈ પરમારનું વર્ષ ૧૯૯૯માં અવસાન થયું હતું. કાસોર સીમમાં આવેલ સર્વે નંબર ૨૦૪૯ પૈકી-૨, ૨૦૫૩, ૨૦૫૭ અને ૨૦૫૮ વાળી સહિયારી વડીલોપાર્જિત જમીનમાંથી સરોજબેન અને તેમના માતા લખીબેનનો વારસાઈ હક્ક ડૂબાડવાના બદઈરાદાથી તેમના સગા કાકા કનુભાઈ છગનભાઈ પરમારે કાસોર તલાટી સમક્ષ પિતા મગનભાઈને કોઈ સંતાન ન હોવાનું દર્શાવી એટલે કે “નિર્વંશ” બતાવી ખોટું પેઢીનામું તૈયાર કરાવ્યું હતું. આ ખોટા પેઢીનામામાં કનુભાઈ હરમાનભાઈ, રમણભાઈ બબુભાઈ અને ગીરધરભાઈ બારૈયાએ પંચ તરીકે સહીઓ કરી સાચા તરીકે ઉપયોગ કર્યો હતો.

આ આધારે મામલતદાર કચેરીમાંથી હક્કકમી નોંધ નં. ૧૦૬૪૫ કરાવી લેવાઈ હતી. વર્ષ ૨૦૨૨માં આ બાબતની જાણ થતાં ભોગ બનનાર પરિવારે સોજીત્રા મામલતદાર, નાયબ કલેક્ટર પેટલાદ અને કલેક્ટર સીટ સમક્ષ અરજીઓ કરી હતી. કલેક્ટર કચેરીની તપાસ બાદ અપાયેલા આદેશના આધારે સોજીત્રા પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખડા ગામે બોગસ ક્લિનિક ઉપર એસઓજી ત્રાટકી

**ડિગ્રી વગર** પ્રેક્ટિસ કરતો પશ્ચિમ બંગાળનો મુન્નાભાઈ ઝડપાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.૧

ગ્રામ્ય વિસ્તારોમાં નિર્દોષ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરતા બોગસ તબીબો સામે આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ લાલ આંખ કરી છે. તારાપુર તાલુકાના ખડા ગામે સોલંકી ફળિયામાં ડિગ્રી વગર ગેરકાયદે દવાખાનું ચલાવતા એક બોગસ તબીબને એસઓજી અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમે ઝડપી પાડ્યો છે.

એસઓજી પોલીસને મળેલી બાતમીના આધારે ખડા પીએચસીના મેડિકલ ઓફિસર ડો. આશિયાના સૈયદને સાથે રાખી સોલંકી ફળિયામાં જયેન્દ્રભાઈ પટેલના મકાનમાં ચાલતા દવાખાને દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં તપાસ કરતા પશ્ચિમ બંગાળના નોર્થ ૨૪ પરગણા ફુલતલા ગામનો વતની બલરામ મનોજ હીરા કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી કે ગુજરાત મેડિકલ કાઉન્સિલના રજિસ્ટ્રેશન વગર દર્દીઓને એલોપેથિક સારવાર આપતો ઝડપાયો હતો.

તપાસમાં દવાખાનામાંથી સ્ટેથોસ્કોપ, ડિજિટલ બીપી મશીન તેમજ સેફ્ટ્રાઈક્ઝોન ઈન્જેક્શન, એન્ટિબાયોટિક અને પેઈનકિલર સહિતની વિવિધ એલોપેથિક દવાઓ મળી કુલ રૂ. ૧૧,૦૮૯/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ મામલે તારાપુર પોલીસ સ્ટેશન ખાતે આરોપી બલરામ હીરા વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# કપડવંજના આંતરસુંબાની આંગણવાડીમાં નાસ્તામાંથી ઈયળ નીકળતા ભારે હોબાળો

**નક્કી કરેલા** મેનુમાં ઢોકળા ન હોવા છતાં બાળકોને પીરસી દેવાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧

કપડવંજ તાલુકાના આંતરસુંબા ગામમાં આવેલી આંગણવાડીમાં નાના બાળકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં થતા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આંગણવાડીમાં બાળકોને આપવામાં આવેલા નાસ્તામાંથી જીવતી ઈયળ મળી આવતા સ્થાનિકો અને વાલીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. મેનુમાં ન હોવા છતાં ઢોકળા કેમ આપવામાં આવ્યા તેને લઈને વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં આવેલા આંતરસુંબા ગામની આંગણવાડીમાં બાળકોને પોષણયુક્ત આહાર પૂરો પાડવાની યોજનાનો સરેઆમ ફિયાસ્કો થયો છે.

સમગ્ર ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આંગણવાડીના નક્કી કરાયેલા સત્તાવાર મેનુમાં ઢોકળાનો કોઈ જ ઉલ્લેખ નથી. મેનુ બહારનો નાસ્તો કોની સૂચનાથી અને કયા આધારે બાળકોને પીરસવામાં આવ્યો તે એક મોટો સવાલ છે. આંગણવાડીના સંચાલકો દ્વારા નિયમોનો છડેચોક ભંગ કરીને હલકી ગુણવત્તાવાળો અને જીવાતવાળો ખોરાક આપીને બાળકોના જીવ જોખમમાં મુકવામાં આવ્યા છે. સરકારી તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે ચાલતી આ યોજનામાં ગુણવત્તાની કોઈ જ ચકાસણી થતી ન હોવાની બાબત આ ઘટના પરથી સાબિત થાય છે.

ઘટનાને પગલે રોષે ભરાયેલા વાલીઓ અને સ્થાનિક ગ્રામજનોએ નાસ્તાના નમૂના લઈને સઘન તપાસ કરવાની ઉગ્ર માંગણી કરી છે. મેનુ મુજબ આહાર કેમ નથી અપાતો અને નાસ્તામાં ઈયળ કેવી રીતે આવી તે તમામ બાબતોની નિષ્પક્ષ તપાસ થાય તે જરૂરી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ આ ગંભીર બેદરકારી દાખવનાર જવાબદારો સામે કડકમાં કડક શિક્ષાત્મક કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠી છે. જો આગામી દિવસોમાં આ મામલે યોગ્ય પગલાં નહીં લેવાય તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવે તેવી શક્યતા પણ સેવાઈ રહી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદના સલુણ સ્થિત વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળામાં ‘હર ઘર તિરંગા’ યાત્રા યોજાઈ

**નડિયાદ |** નડિયાદના સલુણ સ્થિત વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળા દ્વારા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ દેશભક્તિના માહોલમાં ‘હર ઘર તિરંગા’ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સંજય વાઘેલાએ વિદ્યાર્થીઓને તિરંગાનું મહત્વ સમજાવ્યું અને બાળકોએ ઉત્સાહપૂર્વક ઘરે-ઘરે જઈ રાષ્ટ્રધ્વજનું પ્રત્યારોપણ કર્યું હતું. આ શિક્ષક રાજેન્દ્રસિંહ ચૌહાણની આગેવાનીમાં રેલી દરમિયાન થયેલા ગગનભેદી સૂત્રોચ્ચારોએ સમગ્ર વિસ્તારમાં રાષ્ટ્રભક્તિની લહેર ફેલાવી દીધી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં દેશપ્રેમ જાગૃત કરવાનો અને રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યે માન તથા આદર વધારવાનો રહ્યો હતો.



### ખાનપુરના બાકોર ખાતે દેશભક્તિના માહોલમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

**ખાનપુર |** ખાનપુરના બાકોરમાં વહીવટી તંત્ર અને ભાજપના સંયુક્ત ઉપક્રમે મામલતદાર કચેરીથી ભવ્ય ‘હર ઘર તિરંગા યાત્રા’નું અત્યંત ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જીગ્નેશ સેવક અને સ્થાનિક અગ્રણીઓની આગેવાનીમાં આ રેલી ગામના મુખ્ય માર્ગો પર દેશભક્તિના ગગનભેદી નારાઓ સાથે ફરી હતી. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાથમાં તિરંગો લઈ ઉત્સાહપૂર્વક જોડાઈ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને પોલીસ સ્ટાફ સહિત સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી પ્રશંસનીય રહી હતી.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com

### ચારુસેટમાં ‘નેશનલ લાઈબ્રેરીયન્સ ડે’ નિમિત્તે ‘બુક રીડર્સ ક્લબ’નો પ્રારંભ કરાયો

**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીમાં લાઇબ્રેરી વિજ્ઞાનના પિતા પ્રો. એસ. આર. રંગનાથનની ૧૩૪મી જન્મજયંતી નિમિત્તે ‘નેશનલ લાઈબ્રેરીયન્સ ડે’ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલના હસ્તે વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રુચિ જગાડવા માટે ‘ચારુસેટ બુક રીડર્સ ક્લબ’નું વિધિવત ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. ‘Know Your Knowledge Resource Centre’ થીમ હેઠળ ટ્રેઝર હન્ટ, પેઇન્ટિંગ, ક્વિઝ અને ડિજિટલ ફાસ્ટિંગ જેવી વિવિધ સર્જનાત્મક સ્પર્ધાઓનું સુંદર આયોજન થયું હતું. આ ઉજવણીનો મુખ્ય હેતુ યુવા પેઢીમાં સોશિયલ મીડિયાના બદલે પુસ્તકો અને વાંચન સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ લાવી તેમને જ્ઞાન સંસાધનો સાથે જોડવાનો હતો.




### આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં ‘વાલી સ્નેહમિલન’ કાર્યક્રમ યોજાયો

**આણંદ |** ‘આવકાર’ ૨૦૨૬-૨૭ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડો.સેફાલી ઝાલા અને પ્રમુખ સ્થાને વોલેસ ક્રિશ્ચિયન સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને છોડમાં જળ અર્પણ દ્વારા કરવામાં આવી હતી, જે બાદ વિવિધ હોદ્દાઓ સાથે ‘વાલી-અધ્યાપક મંડળ’ની રચના કરાઈ હતી. આ મંડળના અધ્યક્ષ તરીકે આચાર્ય જતીન પઢિયાર અને પ્રમુખ તરીકે વાલીગણમાંથી મહંમદ પરવેઝ મેમણની વરણી કરવામાં આવી હતી. વાલીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા ડો. શબનમ સૈયદ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.



### પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અમેરિકાના ત્રણ શહેરોમાં ભવ્ય સ્નેહમિલન યોજાયું

**આણંદ |** પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ એલ્યુમ્નાઈ એસોસિયેશન દ્વારા જુલાઈ ૨૦૨૬માં શિકાગો, ટેમ્પા અને ન્યૂ જર્સીમાં આયોજિત રીયુનિયનમાં ૨૫૦થી વધુ તબીબોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ભાઈકાકા યુનિવર્સિટી દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું અને તેઓએ પોતાની વ્યાવસાયિક સફળતા તથા કોલેજકાળના સ્મરણો તાજા કર્યા હતા. ન્યૂ જર્સી ખાતે મેડિકલ વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે માર્ગદર્શન મળે તે હેતુથી ‘ઓબ્ઝર્વરશિપ અને મેન્ટરશિપ સપોર્ટ પ્રોગ્રામ’નો ઐતિહાસિક પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધો મજબૂત કરવાનો હતો.



### ડભાણની સેન્ટ અર્સુલા સ્કૂલના વિદ્યાર્થીની ટીમ ફૂટબોલમાં જિલ્લા ચેમ્પિયન બની

**આણંદ |** કપડવંજ ખાતે યોજાયેલી એસજીએફઆઈ-૨૦૨૬ ફૂટબોલ સ્પર્ધામાં સેન્ટ અર્સુલા સ્કૂલની અન્ડર-17 ગર્લ્સ અને અન્ડર-19 બોયઝ ટીમો ખેડા જિલ્લા ચેમ્પિયન બની છે. ખેલાડીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી શાળામાં ગૌરવની લાગણી છવાઈ છે અને બંને ટીમોએ શાનદાર રમત દાખવી શાળાનું નામ રોશન કર્યું છે. આચાર્યા સિસ્ટર લુઈસાએ વિજેતા ખેલાડીઓ અને માર્ગદર્શક શિક્ષક કિરણભાઈ સગરની સખત મહેનતને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. અભ્યાસની સાથે રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના શાળાના નિરંતર પ્રયાસોનું આ સફળતા એક ઉત્તમ ઉદાહરણ બની રહી છે.



### ખાનપુરના ભાણપુર પ્રાથમિક શાળામાં રંગોળી સ્પર્ધા દ્વારા દેશભક્તિનો માહોલ સર્જાયો

**ખાનપુર |** ખાનપુર તાલુકાની ભાણપુર પ્રાથમિક શાળામાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણીના ભાગરૂપે વિશેષ આયોજન કરાયું હતું. ‘વંદે માતરમ્’ના ૧૫૦ વર્ષ અને ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓએ દેશભક્તિની થીમ પર આકર્ષક રંગોળીઓ બનાવી હતી. શાળાના બાળકોએ પોતાની સર્જનાત્મકતા અને રાષ્ટ્રપ્રેમનો અદભુત સંગમ રંગોળી પ્રદર્શન મારફતે રજૂ કર્યો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય પ્રતિકો પ્રત્યે આદર અને દેશભક્તિના સંસ્કારો સિંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



### વસોમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ અને સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભવ્ય યુવા રેલી યોજાઈ



**વસો |** વસોમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ અને ૧૫મી ઓગસ્ટની પૂર્વ ઉજવણીના ભાગરૂપે સરદાર પટેલની પ્રતિમાથી ભવ્ય યુવા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વસો સેવાકેન્દ્રના તરુદિદી, સરપંચ દીપકભાઈ દલવાડી અને વિદ્યાર્થીઓ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં યુવાનોમાં દેશભક્તિ અને સામાજિક જાગૃતિનો સંદેશ પ્રસરાવ્યો હતો. આ રેલી દ્વારા યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, એકતા અને શિસ્તની ભાવના કેળવાય તેવા પ્રયાસો સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું.

### કઠલાલ 108ની ટીમે એમ્બ્યુલન્સમાં સફળ પ્રસૂતિ કરાવી માતા-સંતાનનો જીવ બચાવ્યો

**કઠલાલ |** કપડવંજ તાલુકાના નવાગામના ૩૨ વર્ષીય સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા કઠલાલ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક મદદ માટે દોડી ગઈ હતી. અગાઉ સિઝેરિયન થયું હોવાથી કેસ જોખમી હતો, છતાં વરસાદી માહોલ વચ્ચે ગાંધીનગર સિવિલ જતી વખતે રસ્તામાં જ પ્રસૂતિ કરાવવી પડી હતી. ઇએમટી ઈરફાન કારીગર અને પાયલોટ દેવાંશુએ ફિઝિશિયન ડોક્ટરના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ સુરક્ષિત રીતે નોર્મલ ડિલિવરી આસિસ્ટ કરાવી હતી. ૨.૯ કિલો વજનના તંદુરસ્ત બાળક અને માતાને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે દેહગામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાયા હતા.



### આણંદ તાલુકાની કબડ્ડી સ્પર્ધામાં સરદાર વલ્લભભાઈ પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીનીઓએ એસજીએફઆઈ અંડર-14 તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં ખેલાડીઓએ પોતાની રમત દરમિયાન શાનદાર ટીમવર્ક, શિસ્ત અને ઉત્કૃષ્ટ રમતગમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીનીઓની આ પ્રેરણાદાયી સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી, સુપરવાઈઝર અને માર્ગદર્શક પી.ટી. શિક્ષક દ્વારા તમામ વિજેતાઓને બિરદાવવામાં આવ્યા હતા. આ સમગ્ર શિક્ષકગણે વિજેતા ટીમ પર અભિનંદનનો વર્ષા કરી હતી.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખેડા

વિષય- ગોડાઉન રિનોવેશનની જાહેરાત

બજાર સમિતિ ખેડા મુકામે બજાર સમિતિ પ્રીમાંઈસિસમાં આવેલ જુના ગોડાઉન નંગ-૭ રિપેરીંગ કરવાની જરૂરિયાત હોય એકામ અંગેના કોન્ટ્રાક્ટરો પાસેથી સ્થળ પર જોઈને બંધ કવરમાં દિન-૧૦માં ભાવ મંગાવવામાં આવે છે. અંદાજિત રકમ રૂપિયા ૧૫ લાખ.

આખરી નિર્ણય એપી.એમ.સી ખેડાનો અબાધિત રહેશે.

સેક્રેટરી
મુર્તુઝાખાન આઈ. પઠાણ

ચેરમેન
ભગવાનસિંહ કે. ચાવડા
(હરિયાળા)